પ.પૂ. ગુરૂવર્ય સદ્‌ગુરૂ
શ્રી ધ્યાનીસ્વામી હરિસ્વરૂપદાસજીનો
ભલામણ રૂપ આજ્ઞાપત્ર

છપાવી પ્રસિદ્ધ કર્તા

શ્રી ઘનશ્યામ માનવ સેવા ટ્રસ્ટ, આણંદ (વધાસી)

Scanned by CamScanner



Scanned by CamScanner

પ.પૂ. ગુરૂવર્ય સદ્‌ગુરૂ
શ્રી ધ્યાનીસ્વામી હરિસ્વરૂપદાસજીનો
ભલામણ રૂપ આજ્ઞાપત્ર

છપાવી પ્રસિદ્ધ કર્તા

શ્રી ઘનશ્યામ માનવ સેવા ટ્રસ્ટ, આણંદ (વઘાસી)

Scanned by CamScanner

સ.ગુ. શ્રી ધ્યાનીસ્વામી હરિસ્વરૂપદાસજીનો ભલામણ રૂપ આજ્ઞાપત્ર

શ્રી ઘનશ્યામ મહારાજ સેવક મંડળના દરેક નાના-મોટા સંતો હરિભક્તોને જય શ્રી સ્વામિનારાયણ સાથે જણાવવાનું કે આપણા સહુના ગુરૂવર્ય સદ્‌ગુરૂ શ્રી ધ્યાનીસ્વામીજી આ લોકમાંથી અદૃશ્ય થયાં એ પહેલા પ.પૂ. સ્વામીજીએ શ્રી ઘનશ્યામ મહારાજ સેવક મંડળના સૌ નાના-મોટા સંતો, હરિભક્તો માટે ભલામણરૂપે આજ્ઞાપત્ર સ્વહસ્તે લખેલ તથા લખાવેલ તે ભલામણરૂપ આજ્ઞાપત્ર શ્રી ઘનશ્યામ માનવ સેવા કમિટીને જે તે સમયે પ.પૂ.સ્વામીજીએ જાહેર કરવાની આજ્ઞા તે આજ્ઞાપત્રમાં જ કરેલ.

તેના અનુસંધાનમાં શ્રી ઘનશ્યામ માનવ સેવા કમિટીએ શ્રી ઘનશ્યામ મહારાજ સેવક મંડળના સંતો તથા આગેવાન હરિભક્તોને પ.પૂ.સ્વામીજીના ભલામણરૂપ આજ્ઞાપત્ર વાંચી સંભાળવ્યો તે પત્ર વાંચવાની શરૂઆત કરતા જ સૌ સંતો, હરિભક્તોના અંતરમાં હર્ષની લાગણી જન્મી અને સંપૂર્ણ પત્ર વંચાઈ ગયા બાદ, જે સંતો તથા હરિભક્તોએ સાંભળ્યો તેના અંતરમાં અપાર આનંદ અને શાંતિ શાંતિ વર્તવા લાગી તે આપણે સર્વ સંતો તથા હરિભક્તો જાણીએ છીએ.

Scanned by CamScanner

પ.પૂ.સ્વામીજીની આજ્ઞા પ્રમાણે સર્વ હરિભક્તોને તે પત્ર સાંભળવાનો લાભ મળેલ નહી તેથી બાકી રહેલા હરિભક્તોએ ભલામણરૂપ આજ્ઞાઓ જે તે આગેવાન હરિભક્તો પાસેથી સાંભળી ત્યારે સર્વ હરિભક્તોને અંતરમાં અપાર આનંદ અને શાંતિનો અનુભવ થવા લાગ્યો. એથી શ્રી ઘનશ્યામ મહારાજ સેવક મંડળના સર્વે હરિભક્તોએ શ્રી ઘનશ્યામ માનવ સેવા કમિટીને અરજ કરી કે અમે સર્વે હરિભક્તો જયારથી પ.પૂ.સ્વામીજીના જોગમાં આવ્યા ત્યારથી પ.પૂ.સ્વામીજીએ, શ્રી સ્વામિનારાયણ ભગવાને સત્સંગિજીવન, શિક્ષાપત્રી, વચનામૃતમાં જે આજ્ઞાઓ કરેલ છે તે આજ્ઞા પ્રમાણે જ અમે સર્વ હરિભક્તો આજીવન રહીએ એવું અમારૂ ઘડતર કરેલ છે અને હાલમાં દરેક હરિભક્તો પ.પૂ.સ્વામીજીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા, ઉપાસનામાં એકદમ બરાબર વર્તવાનો ખપ અને ખટકો રાખે છે છતાં દેશકાળને આધીન તથા કાંઈ થોડીઘણી સમજણ ફેરથી જે કાંઈ નાના-મોટા હરિભક્તોને વર્તવામાં થોડીઘણી ખામી રહેતી હોય તો આપણા જ્ઞાનગુરૂ તથા મોક્ષગુરૂ પ.પૂ. ધ્યાનીસ્વામીજીની

Scanned by CamScanner

ભલામણરૂપ આજ્ઞાપત્ર દરેક હરિભકતો પાસે હોય તો સમયે સમયે વાંચી, પોતાની ભૂલ સુધારી શકે ને શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા સંપ્રદાયના સિદ્ધાંત પ્રમાણે આજીવન વર્તે જેથી શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા બંને દેશની ગાદીના આચાર્ય મહારાજ તથા પ.પૂ. સ્વામીજી તથા સંપ્રદાયના નાના-મોટા દરેક સંતો, હરિભક્તોનો રાજીપો કાયમ શ્રી ઘનશ્યામ મહારાજ સેવક મંડળના હરિભક્તો ઉપર રહે તે,માટે મીટીંગમાં સર્વાનુમતે એવો નિર્ણય લીધો કે પ.પૂ.સ્વામીજીની આજ્ઞા પ્રમાણે હરિભક્તોએ પોતાના રોજીંદા જીવનમાં શ્રી ઘનશ્યામ મહારાજને રાજી કરવા માટે ધ્યાન રાખવા જેવા નિયમો તથા ઉપદેશાત્મક વાતો શ્રી ઘનશ્યામ મહારાજ સેવક મંડળના સર્વે હરિભક્તોની માંગણી પ્રમાણે અલગ તારવીને આપવા. તે કમિટીના સર્વાનુમતે નિર્ણય પ્રમાણે બીજી બાબતોને ન લેતા ફક્ત હરિભક્તોને લગતા નિયમો તથા ઉપદેશાત્મક વાતો જ પ.પૂ. સ્વામીજીના ભલામણરૂપ આજ્ઞાપત્રમાંથી લીધી છે જેની શ્રી ઘનશ્યામ મહારાજ સેવક મંડળના દરેક હરિભક્તોને નોંધ લેવી, ભલે, સર્વે રાજી રહેજો.

Scanned by CamScanner

(૧) શ્રી સ્વામિનારાયણ ભગવાન સંવત્ ૧૮૩૭ના ચૈત્રસુદ નોમના આ લોકમાં પોતાના અનંત મુક્તો સાથે અનેક જીવોના મૂળ અજ્ઞાનો નાશ કરી પોતાના ધામમાં લઈ જવા પધાર્યા, ને "નહોતી દીઠી નહોતી સાંભળી, એવી પ્રગટાવી પુનિત રીત" ને આચાર્ય, સંતો, હરિભક્તો, મંદિરોનું નિર્માણ કર્યું અને પોતાની આજ્ઞા ને ઉપાસનાનું અતિશય પ્રવર્તન કર્યું. ને સાથે આવેલા મુક્તોએ પણ એ કાર્ય કર્યું ને આ લોકના રિવાજ પ્રમાણે સમયાંતરે મનુષ્ય સ્વરૂપે આ લોકમાંથી અદૃશ્ય થયા. ત્યારબાદ ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી જેવા મોટા મુક્તોએ પણ મહારાજની આજ્ઞા-ઉપાસનાનું અતિશય પ્રવર્તન કર્યું. ને સમયાંતરે આ લોકમાંથી મનુષ્ય સ્વરૂપે અદૃશ્ય થયા. પરંતુ મહારાજે કહ્યું કે અમારી પ્રતિમા અને ત્રીસ લક્ષણે યુક્ત સાચા સંત તથા આચાર્ય તથા વચનામૃત, સત્સંગિજીવન, શિક્ષાપત્રી આદિ શાસ્ત્ર દ્વારા સદાય પ્રગટ અને પ્રત્યક્ષ રહીશું.

Scanned by CamScanner

(૨) તે ન્યાયે અમે તો સદાય મહારાજની મૂર્તિના સુખે સુખીયા હતા, છીએ ને સદાય રહેશું. પણ આ લોકનાં કાયદા પ્રમાણે હાલમાં અમારી અવસ્થા થઈ અને તબિયત પણ સારી રહેતી નથી. તે અનુસંધાનમાં સર્વ અમારા મંડળનાં નાના મોટા સંતો તથા હરિભક્તોને અમારા જીવના સાચા સગા જાણી બે શબ્દો આજ્ઞા સાથે ભલામણરૂપે લખીએ છીએ.

(૩) સારંગપુરના ૧૦માં વચનામૃતમાં મહારાજે કહ્યું છે કે બહાર દૃષ્ટિએ જોઈએ તો અમે અને અમારા મુક્તો ઘણા છેટા છીએ, ને અંતરદૃષ્ટિએ જોઈએ તો અણુ માત્ર છેટા નથી, તે આપણા શરીરમાં જેમ જીવ રહેલો છે તેમ ગોપાળાનંદ સ્વામી જેવા સંતને પ્રગટ મૂર્તિમાન દર્શન અખંડ થાય, બાકી જેવી જેની પાત્રતા. માટે દરેક સંતો, હરિભક્તોને પ્રત્યક્ષ પ્રગટ મૂર્તિમાન સ્વરૂપે દર્શન થતા ના હોય તો અંતર્યામી રૂપે અખંડ મારા જીવમાં સાક્ષી સ્વરૂપે રહેલા છે તેમ જાણી મહારાજની અને ત્રીસ લક્ષણે યુક્ત સાચા સંતની નાની આજ્ઞા કે મોટી

Scanned by CamScanner

આજ્ઞા ઉપર અખંડ નજર રાખવી પણ હાલમાં હળાહળ કળિયુગ વ્યાપી ગયો છે તે માયાનું જોર એટલું બધુ વધી ગયું છે કે જ્ઞાની હોય કે ધ્યાની હોય, જે કોઈને પણ મહારાજની આજ્ઞા-ઉપાસનામાં જેટલી ખામી તેટલા માયાના કાર્યમાં ગોથા ખાઈ જાય ને આવો મનુષ્ય જન્મ પામી આવો યોગ મળ્યો તેને વેડફી નાંખી "પુનરપિ જનનમ્ પુનરપિ મરણમ્" જન્મ મરણના ફેરા ભોગવ્યા જ કરે છે.

(૪) આ લોકના કાર્ય કોઈના પૂરા થયા નથી ને થાશે પણ નહી. પણ સહેજે મહારાજની આજ્ઞા અને સત્સંગની પ્રણાલિકાને સત્સંગના ધારાધોરણ પ્રમાણે અંતરવૃત્તિથી મહારાજને તથા મુક્તોને આગળ રાખી જે થાય તે કેવળ મહારાજ તથા ત્રીસ લક્ષણે યુક્ત સાચા સંતોને રાજી કરવા કરવું. પણ પોતાની માન મોટાઈ વધારવા, કીર્તિ, જશ વધારવા માટે કરવું નહીં, કેમ કે મહારાજે આપણને સત્સંગમાં જન્મ શા માટે આપ્યો છે કે, આપણામાં અનાદિના જે માયાના કાંટા પેસી ગયા છે તેને

Scanned by CamScanner

મહારાજની આજ્ઞા ઉપાસનામાં અણિશુદ્ધ વર્તીને કાઢી નાંખી દેહ છતા કે દેહને અંતે મહારાજની હજુર સેવામાં રહી જવાય એજ આ મનુષ્ય જન્મનું તથા સત્સંગ કરવો કે કરાવવાનું ફળ છે. પણ દરેકને આવી સમજણ કાયમ રહેતી નથી. ને આ લોકની ક્રિયાને ભામે ચઢી જાય છે આ લોકના કે આ દેહના તાલ પૂરા કરવામાં આખો જન્મારો પૂરો કરી નાંખે છે.

(૫) મહારાજની આજ્ઞા ઉપાસનામાં બહારથી દેખાવ સારો કરે પણ અંતરથી આ લોકમાં વિખ્યાતિ કરવી, માન-મોટપ, જશ, કીર્તિ, ખાવું પીવું, એશ-આરામ, ફેલફીતુરમાં રચ્યા પચ્યા રહે છે. માટે અમારા મંડળના દરેક નાના મોટા હરિભક્તોને હંમેશા દરરોજ પાછી વૃત્તિવાળી વિચારવું કે આપણા ઈષ્ટદેવ કોણ છે ? તે સંપ્રદાયમાં દરેકનાં ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાન છે મારા ગુરૂ કોણ હતા ? મારા ગુરૂ કેવા હતા ? મારા ગુરૂનું વર્તન કેવું હતું ? મારા ગુરૂની મારા માટે આજ્ઞા શું છે ? મને મારા દેહના અંત સુધી કેવી રીતે રાખવાની

Scanned by CamScanner

તેમની મરજી હતી ? અને મહારાજની આજ્ઞા પ્રમાણે રહેશો તો દેહને અંતે મહારાજનાં સુખે સુખીયા થવાના આશીર્વાદ આપ્યાં છે તેનો વિચાર કરવો ને તેમાં ખામી હોય તો તે ટાળવી. અમે તો આ લોકમાં આવ્યા ત્યારથી કરીને આ ઘડી સુધી મહારાજની આજ્ઞા ઉપાસનામાં અણિશુદ્ધ રહ્યા છીએ, જરાપણ ફેર પડવા દીધો નથી. ને અમારા જોગમાં જે કોઈ આવ્યાં તેમને તેવી રીતે વર્તવાનો ઠરાવ કરાવ્યો છે, ને દેહના અંત સુધી એમ જ અમે વર્તશું એવો અમારા ધ્યાન ગુરૂ તથા મહારાજનો અમારા ઉપર રાજીપો છે. માટે તમારે સર્વે દરેક નાનામોટા હરિભક્તોને મહારાજનો તથા અમારો અખંડ રાજીપો લેવો હોય તો મહારાજની આજ્ઞા ઉપાસનામાં દેહના અંત સુધી કોઈ ફેર પડવા દેશો નહીં.

(૬) ત્યાગી તથા ગૃહસ્થના પંચ વર્તમાનની મર્યાદા મહારાજે બાંધી છે તેમાં ખરબદાર થકા રહેવું. ઈન્દ્રિયોના આહાર વિહારની અતિશય શુદ્ધતા રાખવી. ત્યાગી તથા ગૃહીએ નિષ્કામી વર્તમાનમાં ક્યારેય પણ જરા જેટલો પણ ફેર

Scanned by CamScanner

પડવા દેવો નહીં. તે નિષ્કામી વર્તમાન ખાલી બ્રહ્મચર્ય પાળવું એટલામાં જ પૂરું થતું નથી, પણ આ લોકમાં ને દેહને અંતે મહારાજની હજુર સેવા સિવાય કાંઈ ઈચ્છા નહીં તે શ્રેષ્ઠ પ્રકારનું નિષ્કામી વર્તમાન પાળ્યું કહેવાય. આના માટે છેલ્લા શ્વાસ સુધી મહારાજ તથા અમે રાજી થઈએ તેમ વર્તવું. મહારાજ તથા અમે રાજી ક્યારે થઈએ ? તો મહારાજની તથા અમારી આજ્ઞા, મરજી, રૂચી ને સિદ્ધાંત પ્રમાણે રહો તો.

(૭) મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે પોતાનાથી ગુણે કરી મોટા હોય તથા સત્સંગ વ્યવહારીક રીતે પણ મોટા હોય તેમને બહુ પ્રકારે માનવા કહેતા ગુરૂ સ્થાને માનવા માટે શ્રી ઘ.મ.સે.મંડળનાં સર્વ સંતો, હરિભક્તોએ શ્રી ઘનશ્યામ માનવ સેવા ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી તથા ઉપમેનેજીંગ ટ્રસ્ટીને પોતાના ગુરૂસ્થાને માનવા.

(૮) તેમાં મેનેજીંગ ટ્રસ્ટીને એટલે કે પ.પૂ.શાસ્ત્રી સ્વામી શ્રી સત્સંગભૂષણદાસજી સ્વામીને મુખ્ય ગુરુસ્થાને તથા ઉપમેનેજીંગ ટ્રસ્ટી પ.પૂ.પુરાણી સ્વામી શ્રી

Scanned by CamScanner

ન્યાલકરણદાસજી સ્વામીને સહગુરૂસ્થાને માનવાં. માટે દરેક સર્વ સંતો-હરિભક્તોએ બંને સંતોની પોતાના ગુરૂ જેટલી માન-મર્યાદા રાખવી. ક્યારેય અપમાન કરવું નહિ, તથા તેમની સાથે વાદ-વિવાદ કરવો નહિ. સાજે માંદે સર્વ સંતોની હરિભક્તોએ સેવા કરવી. નવા મુમુક્ષુએ વર્તમાન ધારવા હોય તો શ્રી ઘનશ્યામ માનવ સેવા ટ્રસ્ટના મુખ્ય બે સંતો પાસે ધારવા. તથા કોઈ મુમુક્ષુએ સાધુ દિક્ષા લેવી હોય તો બે સંતોમાં જે તે સંત ને ગુરૂપદે વડતાલ તાબાના પ.પૂ.ધ.ધૂ.આચાર્ય મહારાજશ્રીના હાથે દિક્ષા લેવી.

(૯) હરિભક્તોએ અંદરોઅંદર મનભેદ, વેરઝેર કે વિખવાદ કે અવગુણ-અભાવની પ્રવૃત્તિ ક્યારેય કરવી નહિ. તથા બીજા પાસે કરાવવી નહિ માટે સદાય સંપીને એકબીજા સાથે હળીમળીને રહેવું. અમારા ગુરૂ કહેતા છુટી છુટી લાકડી એક મેક થઈ ભારામાં બંધાયેલ રહે તો કોઈ ભાંગી શકે નહિ. પણ કોઈ પોતાના સ્વાર્થ ખાતર છૂટી પાડી દે પછી તેને કોઈ પણ ભાંગી શકે છે. માટે સદાય સંપીને એકબીજા સાથે હળીમળીને રહેવું.

Scanned by CamScanner

(૧૦) બીજી એક વાત અમારા ગુરૂ કહેતા કે એક મોટી નદી આ કાંઠેથી બીજા કાંઠે જવા માટે તેના ઉપર એક માણસ ચાલી શકે તેવો સાંકડો પુલ હતો તે તેમાં સામ સામેથી બે મોટા કૂતરા વચ્ચે ભેગા થયા. બંને પોતાના સ્વભાવ પ્રમાણે ભસ ભસ કરી ઝઘડ્યા ને નદીમાં પડી ગયા ને મરી ગયા ને પછી સામે સામેથી બે બકરી વચ્ચે ભેગી થઈ તે બંને બકરીએ વિચાર કર્યો કે કૂતરા ઝઘડ્યા કર્યા ને પોતે નદીમાં પડી મરી ગયા પણ કાંઠે પહોંચી શક્યા નહિ, પણ આપણે તો કાંઠે પહોંચી પોતાના ઘરે જવું છે તેથી એક બકરું બેસી ગયું ને તેના ઉપરથી બીજું બકરું જતું રહ્યું, ને સુખેથી પોતાના ઘરે પહોંચી ગયા. આના સિદ્ધાંતમાં શું લેવાનું, આપણું સાચુ ઘર તો અક્ષરધામ છે.મહારાજ તથા મુક્તો આપણા માતા-પિતા, સગાસંબંધી આદિ છે, તે આવા હળાહળ કળયુગ રૂપી મોટી નદી ઉપર આવા મહારાજ તથા આવા ત્રીસ લક્ષણેયુક્ત સાચા સંત અને આવો સત્સંગરૂપી રસ્તો અક્ષરધામમાં જવા માટે મળ્યો છે. આ લોકનાં કાર્યો

Scanned by CamScanner

અધૂરા રહેશે તેનો મહારાજ ઠપકો નહીં આપે પણ પોતાના સ્વભાવ પ્રકૃતિને વશ થઈ માન-મોટાઈ, જશ-કિર્તી જગમાં તથા સત્સંગમાં વધારવા એકબીજામાં રાગદ્વેષ, ઈર્ષા, અવગુણ, અભાવ આદિ વડે લડવું નહિ. સાથે પોતાના સ્વભાવ પ્રમાણે સંતો, હરિભક્તોને એવી મનભેદ, અવગુણ, અભાવ, રાગદ્વેષની ક્રિયામાં ભેળવવા નહીં. હે અમારા વ્હાલા સંતો, હરિભક્તો, જે કોઈ મહારાજ સંબંધી કાર્ય કરો છો તે તમારા મોક્ષ માટે છે, તે કાંઈ નથી અમારા માટે કે નથી મહારાજ માટે, સર્વેએ પોતાના મોક્ષ માટે જ કરવાનું છે.

(૧૧) હવે માયાનાં કાંટાએ રહિત મહારાજનું ધ્યાન, ભજન, કથાવાર્તા, સેવા, સમૈયા, ઉત્સવ આદિ મહારાજની નાની મોટી આજ્ઞા તથા ગુરૂની આજ્ઞામાં રહી સર્વ સાથે મળી કરી શકો તેના રક્ષણ માટે અમારા ધ્યાન ગુરૂ અને મહારાજની આજ્ઞાથી અમે આ નિયમને મર્યાદારૂપી વાડ કરી છે. તેને જે ગુરૂમુખી હશે તથા પોતાના ગુરૂ તથા મહારાજ સદાય પોતા ઉપર રાજી

Scanned by CamScanner

રહે એવા મનોબળવાળા હશે, તથા દેહને અંતે કે દેહ છતાં ગોપાળનંદ સ્વામી આદિ મોટા સંતો તથા પર્વતભાઈ, દાદાખાચર, મયારામ ભટ્ટ, શીવલાલ શેઠ આદિ હરિભક્તો જેમ મહારાજની હજુર સેવામાં રહ્યાં છે, તેમ મહારાજની હજુર સેવામાં રહેવાની ઈચ્છાવાળાને આ નિયમને મર્યાદારૂપી વાડ આનંદદાયકને સુખરૂપ લાગશે. પણ જે મનમુખી હશે તથા જેને મન ધાર્યુ કરવાનો સ્વભાવ હશે તથા જેને માયાનાં કાંટા જીવમાં અંદર રહી ગયા હશે તથા આ લોકમાં સત્સંગમાં માન-મોટપ, જશ, કિર્તી મેળવવાની ઈચ્છાવાળા હશે, તથા મહારાજની આજ્ઞા, ઉપાસનામાં ખામીવાળા હશે તથા મહારાજનાં ધ્યાન, ભજન, કથાવાર્તા, સેવામાં જેનું મન ચોંટતું નહિ હોય તેને આ નિયમને મર્યાદારૂપી વાડ બહું દુઃખરૂપ લાગશે. ઓ...હો..હો.. એ મહારાજની માધુરી, મરમાળી, પ્રકાશમાન દિવ્યમૂર્તિનાં સુખનું શું વર્ણન કરીયે ? માટે એ દિવ્યમૂર્તિનાં સર્વને સુખભોકતા કરવા માટે જ

Scanned by CamScanner

મહારાજનો તથા અમારો અત્યાર સુધીનો દાખડો છે તો તેઓને મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તવા એકવાર સમજાવવા પરંતુ તેમ છતાં પણ ન માને તો મંડળમાંથી બે હાથ જોડી રજા આપવી.

(૧૨) બીજુ અમારા નામે, પોતાનું રાખવા મહારાજની આજ્ઞા તથા અમારી આજ્ઞા, રીતરિવાજ તોડશો તેનો દંડ જરૂર ભોગવવો પડશે. કારણ કે ઉપરી સ્વામિનારાયણ બહુ જ આકરા છે. અહીયાં જે કોઈ મનધાર્યું કરશે, કરાવશે, તેનો દંડ જે તે પ્રકારે મહારાજ આપે જ છે. પણ અંતે તો ત્યાં કાંઈ પોપાબાઈનું રાજ નથી, કે ચલાવશે. તે રાઈ રાઈના લેખા લેશે ને પછી બહુ જ પસ્તાવું પડશે. બીજું સંપ્રદાયમાં કે બહાર દેવ, આચાર્ય, સંતો, હરિભક્તો આદિ તથા બીજા મંડળોનો ક્યારેય અવગુણ-અભાવ લેવો નહિ. નિંદા, કૂથલી આદિ કરવા નહીં.

(૧૩) સવાર સાંજ કે મળતે અવકાશે બે ઘડી પાછી વૃત્તિવાળી વિચાર કરવો કે હું કોણ છું ? ક્યાંથી આવ્યો છું ? ક્યાં

Scanned by CamScanner

જવાનું છે ? મારા ઈષ્ટદેવ કોણ છે ? મારા ગુરૂ કોણ છે ? મારા ગુરૂનાં ધ્યાનગુરૂ કોણ છે ? ને તેના વર્તન કેવા હતા ? મારા ગુરૂ અને મહારાજની આજ્ઞા મને શું છે ? મારા ગુરૂનું વર્તન આજીવન કેવું હતું ? હું કેવું વર્તન રાખું તો તે મારા ઉપર સદાય રાજી રહે. મારા દેહને અંતે મને ક્યાં રાખવાની એમની મરજી તથા ઈચ્છા હતી. આદિ પોતાના ગુરૂનાં દાખડાના વિચાર કરવા ને પોતાનામાં જે ખામી હોય તે ટાળવી.

(૧૪) હે ઘનશ્યામ પ્યારા સર્વ હરિભક્તો, મહારાજની આજ્ઞા-ઉપાસનામાં છેલ્લાં શ્વાસ સુધી બરાબર વર્તશો તથા આ અમારા બાંધેલ નિયમ મર્યાદામાં છેલ્લાં શ્વાસ સુધી વર્તીને મહારાજની આજ્ઞાનું પાલન બરાબર કરશો તથા ધ્યાન પ્રકાશમાં કહ્યું તે પ્રમાણે મહારાજમાં એક વૃત્તિ અખંડ રાખી બીજી વૃત્તિથી ધ્યાન, ભજન, કથાવાર્તા, સેવા, સમૈયા, ઉત્સવ, સત્સંગ તથા સત્સંગ સંબંધી વ્યવહારિક પ્રવૃત્તિ આદિ અતિશય ખટકો રાખી કરશો તો દેહ છતાં જ અમને અમારા ધ્યાનગુરૂ તથા મહારાજ

Scanned by CamScanner

અખંડ મૂર્તિમાન દર્શન આપે છે, વાત કરે છે. તેમ અમે અને મહારાજ અખંડ દર્શન દેશુ ને વાત કરશું. દેહ છતાં જ મહારાજની હજુર સેવાને પામશો તથા આ કાગળમાં લખાયેલ નિયમ મર્યાદામાં રહીને મહારાજની આજ્ઞાનું પાલન તો બરાબર કરવું જ પડશે. ધ્યાનપ્રકાશમાં કહ્યું તે મુજબ ધ્યાન, ભજન, કથાવાર્તા, સેવા, સમૈયા, ઉત્સવ, સત્સંગ સંબંધી કે સત્સંગ વ્યવહારિક સંબંધી પ્રવૃત્તિ સામાન્યપણે મહારાજમાં ગૌણવૃત્તિ રાખી કરશો તો દેહને અંતે મહારાજની હજુર સેવાને સર્વ નાના-મોટા હરિભક્તો પામો તેવા અંતરમાં અતિશય રાજી થઈને આશીર્વાદ આપીએ છીએ એટલે કે એક વૃત્તિએ કરીને કાર્ય કરવું અને બીજી વૃત્તિએ કરીને ભગવાનમાં વૃત્તિ રાખવી.

(૧૫) બીજું અમે આ લોકમાંથી મનુષ્ય દેહે અદૃશ્ય થશું ત્યારે ઘણાંય હરિભક્તોને મનમાં સંકલ્પ થશે કે સ્વામી આમ કેમ જતા રહ્યાં કાંઈ અગાઉથી કહ્યું નહિ, કાંઈ ભલામણ કરી નહી, ઘણાં સારા સંતો, હરિભક્તોની મરજી,

Scanned by CamScanner

સ્વામી પહેલેથી જણાવી મોટા સમૈયા કરીને સર્વની રજા લઈને પછી ભલે આ લોકમાંથી અદૃશ્ય થાય એવી હતી પણ અમારા ધ્યાનગુરૂને મહારાજની મરજી એમ હતી નહી, એટલે અમે હવે મહારાજ તથા ધ્યાનગુરૂની આજ્ઞા તથા મરજીથી માંદગી ગ્રહણ કરશું ને માંદાને માંદા બોલ્યા ચાલ્યા વગર આ લોકમાંથી આ દેહે અદૃશ્ય થશું. માટે અણસમજણે કરીને સાચા ત્રીસ લક્ષણેયુક્ત સંત વિષે ખોટા સંકલ્પ કરવા નહી, છતાં પણ સ્વભાવ પ્રકૃતિને વશ થઈને થઈ જાય તો ભલે માફ છે હો...

(૧૬) બીજું સાવ ઓછી સમજણવાળા હરિભક્તોને સંકલ્પો થશે કે મંડળમાંથી ઘણા સંતો જતાં રહ્યા ને દેશ બદલવાનો થયો એટલે સ્વામી ખૂબ દુઃખી થયાને દુઃખમાં કાંઈ બોલી શક્યા નહી અને દેહ છોડી દીધો. આ તો ઘણી અણસમજણ કહેવાય, પણ અમે તો મહારાજ અને ધ્યાનગુરૂની કૃપાથી ગોપળાનંદસ્વામી જેવા નંદ સંતોના ગુણને પામ્યા છીએ તે અમારે મહારાજ સિવાય કાંઈ છે જ નહિ. તો પછી આ બધુય ક્યાંથી

Scanned by CamScanner

આવે ? સર્વ બ્રહ્માંડનો પ્રલય થઈ જાય તો પણ અમે અમારી સ્થિતિમાંથી મહારાજ તથા અમારા ધ્યાન ગુરૂની કૃપાથી ડગીએ નહી. અખંડ મહારાજને સુખી સુખીયા જ રહીએ છીએ. માટે પોતાની જ્ઞાનની પૂરી પકવતા ન હોય તે પોતાને ખોટા સંકલ્પ થાય ને પોતાના સંકલ્પ પ્રમાણે બીજાને વાત કરી પાછા પાડે માટે એવી અણસમજણનો ત્યાગ કરજો ને વચનામૃત, સત્સંગિજીવન આદિ શાસ્ત્રોનો સિદ્ધાંત બરાબર સમજજો ને જીવમાં ઉતારજો.

(૧૭) મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે અમે તથા અમારા ત્રીસ લક્ષણેયુક્ત સાચા સંત તે ખરેખરા સંત કે હરિભક્તો હોય તેના જ છીએ, પણ આજ્ઞા લોપનારાના નથી. તે પંચાળાનાં ઝીણાભાઈને મહારાજે કહ્યું કે તમારા દીકરા હઠી માટે કોઈ ભલામણ કરવી હોય તો મને કરો ત્યારે ઝીણાભાઈ કહે કે મહારાજ એ તમારી આજ્ઞામાં રહેશે તો હું તમને કાંઈ નહી કહું તો પણ તમે તેની ખબર રાખશો, તથા જો તે તમારી આજ્ઞામાં નહી

Scanned by CamScanner

વર્તે તો હું ગમે તેટલી તેની સંભાળ રાખવાનું તમને કહીશ તો પણ તમે ભાળ લેશો નહિ. માટે હે અમારા વહાલા સર્વ દરેક નાના-મોટા હરિભક્તો, તમે બધા ખાસ ખ્યાલ રાખજો પણ એમા શું વાંધો ? આટલામાં શું વાંધો ? એમ કહી દેશકાળે મહારાજ તથા અમારી આજ્ઞા, મરજી તથા આ કાગળમાં લખેલ નિયમ-મર્યાદાને લોપીને કાંઈ કરવું નહી, મન ધાર્યું કરવું નહી પણ મહારાજ તથા અમારો રાજીપો સદાય મળતો રહે તેમજ દેહ પર્યંત વર્તવાનો ખટકો રાખવો. છતાં પણ દેશકાળે નહિ વર્તો તો કાંઈ અમે તમને લાકડી લઈને મારવા આવશું નહિ પણ જેવું જે કરશે, તેવું તે પામશે. તે નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે "મારા જનને અંતકાળે જરૂર મારે" તેડી જવા એવું મારું બિરુદ છે. દાસના દાસ થઈને સત્સંગમાં જે રહેશે તેની ભક્તિ ભલી માનીશ ને રાચીશ તેના રંગમાં માટે સુખદુઃખ આવે સર્વે ભેળું તેમાં સ્થિર બુદ્ધિ રાખજો. તેમાં મારા જે હશે તેની અતિશય કાળજી રાખી હું તેને જાળવીશ.

Scanned by CamScanner

તેમ કરતાં પણ જો આ શરીર પડી જાશે તો અમારા ધામમાં અમારું અતિશે સુખ છે, પણ વ્રત ટેક મહારાજની આજ્ઞા તથા આ કાગળની નિયમ મર્યાદા આદિ જો લોપીને ચાલશો તો સૌ પોત પોતાનું ભોગવશો એમાં અમે કાંઈ કરી શકશું નહિ.

(૧૮) બીજું હવેથી શ્રી ઘનશ્યામ મહારાજ સેવક મંડળ નામે સંતો અને હરિભક્તોનું એક મંડળ ગણવું તેથી ગુરૂકુળ પરિવાર અથવા ધ્યાનીસ્વામીનું શિષ્ય મંડળ કે ધ્યાનીસ્વામીનું હેતવાળુ મંડળ આદિ એવા અલગ-અલગ નામ લખવા નહી. આ મંડળમાં સત્સંગ સંબંધી કે વહેવાર સંબંધી નિર્ણય તથા આખરી નિર્ણય શ્રી ઘનશ્યામ માનવ સેવા કમિટીની નીચે લેવા તથા શ્રી ઘનશ્યામ માનવ સેવા કમિટીએ શ્રી સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા, સિદ્ધાંત તથા સત્સંગપ્રણાલિકા પ્રમાણે મંડળમાં સત્સંગ તથા સત્સંગ વ્યવહારીક સંબંધી નિર્ણય કરવા.

Scanned by CamScanner

(૧૯) અમારા મંડળનાં દરેક નાના-મોટા હરિભક્તોએ બંને દેશની ગાદીના દેવ, આચાર્ય, સંતો તથા હરિભક્તોના અવગુણ અભાવ લેવા નહિ. તેમની નિંદા કરવી નહીં. તેમનું ખરાબ બોલવું નહીં. કોઈની સાથે રાગ-દ્વેષ કરવો નહીં. ઉદ્વેગ થાય, ઝઘડા થાય, વેરઝેર થાય, વિખવાદ, વાદ-વિવાદ થાય તેવું કાર્ય કરવું નહી.સદાય સંગની શુદ્ધિ અને નિર્દોષ બુદ્ધિ રાખવી. સત્સંગની પ્રણાલિકા, ધારાધોરણ કે મહારાજનાં સિદ્ધાંત વિરૂદ્ધ કોઈપણ પ્રકારની પ્રવૃત્તિમાં ભળવું નહી કે પોતે કરવી નહી.

(૨૦) મહારાજની અણિશુદ્ધ આજ્ઞા-ઉપાસનામાં ફેર પાડ્યા વગર દેવ, આચાર્ય, સંત, હરિભક્ત, સત્સંગની સેવાનો લાભ લેવો સાથે મહારાજનું ધ્યાન ભજન, કથાવાર્તા, સમૈયા-ઉત્સવ, સત્સંગશિબિર આદિનો લાભ લેવો.

(૨૧) હાલમાં કળિયુગમાં મહારાજે ખભે બેસાડેલ ચિત્રગુપ્તને કોઈ ગણતું નથી. આપણે તો મહારાજ જ મુખ્ય છે,

Scanned by CamScanner

છતાં પણ મહારાજનાં અંતર્યામીપણાની અવગણનાં કરી એકાંતમાં આજ્ઞા લોપ ઘણા કરતા હોય છે. પણ મહારાજે આધુનિક યુગમાં એવા મશીનો દરેક જગ્યાએ મૂક્યા હોય છે, કે તમને એમ થાય અહીં કોઈ નથી, પણ મશીનમાં બધું દેખાતું હોય, તથા મોબાઈલ ફોન આદિમાં વાત કરતા હોય તો એમ વિચારે બીજું કોઈ સાંભળતું નથી, પણ મોબાઈલ ફોન આદિમાં પણ વાતો સંગ્રહ થાય છે. માટે ખ્યાલ રાખજો. હરિભક્તોને દરેક દિવાળી કાગળમાં વર્તવાની રીત પણ લખી છે.

(૨૨) હરિભક્તોએ કથા, વાર્તામાં લૌકિક વાતો કરવી નહિ, પણ ભગવાનની જ ખાસ કરી સ્વામિનારાયણ ભગવાનની તથા તેના ત્રીસ લક્ષણે યુક્ત સાચા સંતો, ભક્તો, આચાર્યની વાત કરવી. પણ પરોક્ષની વાતોનાં દાખલા દૃષ્ટાંત બહુ લેવા નહિ. કિર્તનો બને ત્યાં સુધી નંદ સંતોના બનાવેલા જ ગાવા.

(૨૩) ઘણાય હરિભક્તો સંસ્થામાં કે ઘરમાં તથા રસોડા આદિની સાફસફાઈ ગ્રહણથી ગ્રહણ કરતાં હોય છે,

Scanned by CamScanner

પણ એમ ન કરવું. પણ મહીને રસોડા આદિની પ્લેટફોર્મ આદિની દિવાલો, ખાના આદિ આખુ રસોડું ઉપર નીચે, આજુબાજુ, ચોકડીઓ, ઠંડા પાણીના મશીનો આદિ જ્યાં જરૂર જણાય ત્યાં હંમેશા સાફ સફાઈ રાખવી.

(૨૪) અન્નકૂટમાં બજારૂ આઈટમો કાંઈપણ ધરાવવી નહી.

(૨૫) ગ્રહણ હંમેશા નિયમ મુજબ હરિભક્તોએ અવશ્ય પાળવું તેમજ જન્મ સૂતક અને મરણ સૂતક સત્સંગના નિયમ મુજબ પાળવું.

(૨૬) હરિભક્તોએ પણ બાથરૂમ જવા માટે બાથરૂમનો જ ઉપયોગ કરવો, બાથરૂમ જવા જાજરૂમાં જવું નહિ. તથા બાથરૂમ ગયા પછી હાથ પાવડર અથવા સાબુથી ધોઈ નાંખવા, તથા પગ પણ ધોઈ નાખવા અને મુસાફરી દરમિયાન અનુકુળતા ન હોય તો ઘેર આવો ત્યારે ધોઈ નાંખવા.

(૨૭) હરિભક્તોએ સમૈયા, ઉત્સવ તથા લગ્નના સમૈયામાં અમે ના પાડી છે તે ભારે ઢોલ, વાજાવાળું તે વગાડવું નહિ, તથા લાડીલા આદિ કિર્તનો વગાડી નાચવું, કુદવું

Scanned by CamScanner

નહિ. તથા કિર્તનોમાં પણ આધુનિક વાજા, ઢોલ, તબલા, સંગીતનાં રાગ ભેળવી નાચવા, કૂદવાનાં ભામે ચઢવું નહિ.

(૨૮) હરિભક્તોએ પોતાના ગામે ગામના મંડળમાં સત્સંગ આદિનો લાભ હમણા જેમ લઈ રહ્યા છે તેવો જ લાભ લેવો તેમાં વધારો કરવો પણ ઓછું કરવું નહીં.

(૨૯) જનરલ રસોડામાં ચાલુ દિવસોમાં તથા સમૈયા ઉત્સવ આદિમાં હરિભક્તોએ જમી લીધા પછી પોતા કરવા, પાણીથી ધોવું અથવા પાણી છાંટી વાળવું. આદિ જે રીતે અનુકુળતા પ્રમાણે સફાઈ કરવાનો ખ્યાલ રાખવો.

(૩૦) બીજુ ધનાઢ્ય સત્સંગી ગૃહસ્થોએ રસોઈ બનાવવા માટે પોતાના ઘરે, જો બ્રાહ્મણ રસોયો રાખ્યો હોય તો તેને સત્સંગનાં રીતરિવાજ, જાજરૂ જઈ હાથ ધોવા, ન્હાવુ-ધોવુ તથા એંઠું ચોખ્ખુ આદિ તથા ભગવાનને થાળ ધરાવવા, આદિ તેને ખ્યાલ ન હોય તો શીખવાડવું. પણ નિયમ ધર્મ વગરનાં રસોયા રાખવા નહિ. ને તેના હાથનું બનાવેલ જમવું નહિ.

Scanned by CamScanner

(૩૧) ઘરમાં કામવાળા માણસો રાખ્યા હોય તો તેને પણ નાવા, ધોવા આદિનાં આપણા સત્સંગનાં નિયમો શીખવાડવા પણ નિયમ ધર્મ વગરનાં માણસોને ઘરમાં, રસોડામાં આદિમાં કામ કરવા દેવું નહિ. તથા કામવાળા બહેનોને રસોડામાં પ્રવેશ કરવા દેવો નહિ. તથા ફ્રીજ, માટલા આદિને અડકવા દેવા નહિ. રસોડામાંથી ચોકડીમાં જવાનો રસ્તો હોય તો દોરી આદિ બાંધી દેવું તથા હરિભક્તો માટે વિશેષ નિયમો ગૃહસ્થને પાળવાની નિયમની ચોપડી (યુવાશિબિર વખતે છપાવેલ તે) તથા પવિત્ર ગૃહસ્થાશ્રમ આદિમાં જણાવ્યું છે.

(૩૨) આપણા મંડળનાં દરેક બહેનો હરિભક્તો એમ.સી.ના નિયમ ફરજીયાત પાળે જ તેનો પુરૂષ હરિભક્તોએ ખાસ ખ્યાલ રાખવો તથા કામવાળા બહેનોને પણ એમ.સી.માં હોય ત્યારે તેને ઘરનું કોઈ કામ કરવા બોલાવવા નહિ.

(૩૩) હરિભક્તોએ આહાર વિહારની હંમેશા શુદ્ધિ રાખવી. આહાર એટલે જમવાનું આદિને વિહાર એટલે બોલવું, ચાલવું, જોવું, સાંભળવું આદિ.

Scanned by CamScanner

(૩૪) હરિભક્તોએ પવિત્રપણે ભગવાનના થાળ બનાવવા ને ભગવાનને ધરાવવાને પછી જમવા. ઘી, તેલ, દૂધ, પાણી આદિ ગાળી તથા લોટ આદિ ચાળી તથા અનાજ શાકભાજી આદિ બરાબર સાફ કરી જોઈને વાપરવા.

(૩૫) ઘણાય હરિભક્તો રસોડામાં તથા બાથરૂમ આદિમાં નળ ઉપર ગરણાં બાંધે તો ખરા પણ જ્યારે ગરણું કોહવાય, સડીને ફાટી જાય પછી બે ચાર દિવસ પછી ખબર પડે અને પછી બદલાવે પણ એમ ન કરવું. ત્રણ દિવસે કોથળી (ગરણું) ખોલી જોઈ બરાબર ધોઈ પછી પાછું નળ ઉપર બાંધવું પણ ગરણા બદલવામાં લોભ કરવો નહીં. દોરી બરાબર ટાઈટ બાંધવી જેથી આજુબાજુ પાછળથી અણગણ પાણી નીકળે નહિ. એઠા નળ માંજી નાંખવા.

(૩૬) નાના મોટા કોઈપણ સમૈયા, ઉત્સવ કોઈપણ જગ્યાએ આપણા મંડળ દ્વારા થતા હોય તેમાં પણ અતિશય પવિત્રતા જળવાય તે હંમેશા ખ્યાલ રાખવો. સમૈયા, ઉત્સવમાં ભાઈઓ બહેનોની મર્યાદા પણ શિક્ષાપત્રી,

Scanned by CamScanner

સત્સંગિજીવન પ્રમાણે જળવાઈ રહે તે ખ્યાલ રાખવો. જેમ હરિકૃષ્ણ મહારાજ મહોત્સવ ઉમાં રસોડાની તથા જમવાની વ્યવસ્થા થઈ હતી તથા બહેનો-ભાઈઓની રહેવાની, નાવાની, બેસવાની, જમવાની આદિ વ્યવસ્થા મહારાજની આજ્ઞા પ્રમાણે થઈ હતી, તેમ હંમેશા દરેક સમૈયા, ઉત્સવ, સેવા આદિમાં મર્યાદા સચવાય તેમ વર્તવું. તેમજ સભામંડપમાં બહેનો-ભાઈઓને બેસવાની વ્યવવસ્થા થઈ હતી તે પ્રમાણે હંમેશ ખ્યાલ રાખવો. સભા મંડપમાં બહેનો ભાઈઓ માટે બેસવા પાથરેલું કપડું ને સંતોના સ્ટેજ વચ્ચે જગ્યા રાખવી. તે કપડું છેક સ્ટેજ સુધી અડાડવું નહિ.

(૩૭) હરિભક્તોએ રસોડા માટે સંગ્રહ કરી રાખેલા હવેજ મસાલા, અનાજ આદિમાં સમય પ્રમાણે હાથ ફેરો કરતા રહેવું.

(૩૮) બજારૂ ફરસાણ-મીઠાઈ આદિ કાંઈ વસ્તુ જમવી નહિ. બીજા સ્થાનમાં રસોઈ પવિત્ર અન્નજળ કે પવિત્ર આચરણથી બનાવેલ ના હોય તો ત્યાં પણ જમવું નહિ.

Scanned by CamScanner

કેમ કે રસોયા આદિ કે ઘણાય હરિભક્તો જાજરૂ જઈ નાહતા પણ હોતા નથી, હાથ પણ બરાબર ધોતા હોતા નથી.

(૩૯) દરેક હરિભક્તોએ જાજરૂ જઈ જે પહેરેલ કપડાએ ગયા હોય તે પહેરેલા કપડાં સહિત નાહિ લેવું. ડાબો હાથ ૧૦ વખત પાવડરથી ધોવો, બંને હાથ ભેગા કરી સાત વખત પાવડરથી ધોવા. પગનાં તળિયા ત્રણ વખત પાવડરથી ધોવા. હાથપાણી પીચકારીથી લીધું હોય તો બંને હાથ ભેગા કરી ત્રણ વખત પાવડરથી ધોવા. હજામત, દાઢી આદિ કરી પહેરેલા કપડાં સહિત નાહિ લેવું.

(૪૦) એકાદશીના દિવસે એંઠા મસાલા, દૂધ, દહીં, ઘી, તેલ, આદિ વાપરવા નહિ, જે ઘણાય હરિભક્તોને આ બાબત ખબર હોતી નથી, તેમણે ખ્યાલ રાખવો. (એંઠા મસાલા :બીન ફરાળી લોટવાળા કે બીનફરાળી શાકવાળા હાથે કે તેવા હાથ વડે લૂછેલા રૂમાલ વડે કે તેમાંથી વધેલ તેલ આદિના સ્પર્શ વાળા હાથે જો મસાલાને સ્પર્શ કર્યો હોય તે માસાલા એંઠા કહેવાય)

Scanned by CamScanner

(૪૧) હરિભક્તોએ યાત્રામાં જવાનું થાય કે કુટુંબ સાથે બહાર જવાનું થાય કે એકલા જવાનું થાય ત્યારે ઘરેથી બનાવી લઈ જવું. અથવા ત્યાં પવિત્રપણે ભગવાનનાં થાળ બનાવી શિક્ષાપત્રીને તથા મહારાજને જમાડી જમવા, અથવા તો ફળફળાદિ લઈ નળ માંજી ગરણું બાંધી ફળ આદિ ધોઈ સમારી મહારાજને ધરાવી પછી જમવું પણ બહાર હોટલ આદિમાં જમવું નહિ. ઠંડા પીણામાં ખરાબ તત્વ (આલ્કોહોલ) આવે છે જે દારૂ સમાન છે, તે પણ પીવા નહી. ને બજારનો આઈસ્ક્રીમ ખાવો નહીં.

(૪૨) મશીનમાં, ટી.વી.માં, મોબાઈલમાં ખરાબ વસ્તુ જોવી નહિ. એમાં પરપુરૂષ, પરસ્ત્રી આદિ જોઈ ખરાબ સંકલ્પ થાય, મન બગડે, બુદ્ધિ બગડે ને મહારાજની પંચ વર્તમાનની આજ્ઞા લોપાય. માટે કાળજી રાખવી.

(૪૩) ચોરી તો કોઈપણ વસ્તુ, પદાર્થ આદિની ક્યારેય કરવી નહિ. ખોટું ક્યારેય બોલવું નહિ.

(૪૪) વચનામૃતમાં અતિશય શાંતિકારક વાતો મહારાજે લખી છે, પણ તે વાંચી જીવમાં ઉતારવાથી શાંતિ મળે, એમ

Scanned by CamScanner

(ફક્ત વાંચવાથી) શાંતિ મળે નહિ. સત્સંગિજીવન આદિ તથા નંદ સંતોએ રચેલ શાસ્ત્રોનો અભ્યાસ રાખવો. તથા જેમાં શ્રી હરિનાં ચરિત્ર હોય તેવા શાસ્ત્રોનો અભ્યાસ રાખવો. શિક્ષાપત્રી તો દીવાદાંડી સમાન છે માટે તે પ્રમાણે સર્વેએ વર્તવાનો અતિશય ખટકો રાખવો. ધ્યાનપ્રકાશ, શ્રી હરિઉપદેશામૃત તથા અમારી વાતોની ચોપડીઓમાં ભગવાનનાં ધ્યાન, ભજન તથા સંતો, હરિભક્તોએ હંમેશા કેમ વર્તવું તેની વાતો અમારા ધ્યાનગુરૂ તથા મહારાજે જેમ સુઝાડી તેમ સમય પ્રમાણે લખી છે, માટે તેનો અભ્યાસ રાખવો.

(૪૫) બીજું સર્વ વ્રતમાં બ્રહ્મચર્ય વ્રત શ્રેષ્ઠ છે માટે તેમાં દરેક નાના-મોટા હરિભક્તોએ હંમેશા ખ્યાલ રાખવો. બીજું દરેક વચનામૃતમાં મહારાજે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા માહાત્મ્ય જ્ઞાન સહિત ભક્તિ તથા પોતાનો તથા ત્રીસ લક્ષણોયુક્ત સંતો ભક્તોનો મહિમા તથા સાધનીક સંતો ભક્તોની વાત કરી છે. તેમાં ગઢડા પ્રથમનું ૧૮મું આજ્ઞા પાળવા માટેનું મૂળ કહેવાય તે પ્રમાણે રહે તો

Scanned by CamScanner

બીજી આજ્ઞા સહેજે પાળવાની ઈચ્છા થાય, રૂચી થાય ને પાળી શકાય. અમારા ગુરૂ કહેતા સદાય સુખી રહેવું તો થોડીવાર સુખીને થોડીવાર દુઃખી એમ નહિ સદાય સુખી રહેવું તો ગઢડા અંત્યના ૮માં કહ્યું છે તે પ્રમાણે ઈન્દ્રિયો અંતઃકરણ જીતીને વશ કરે તો સદાય સુખી રહેવાય. દુઃખ આવે જ નહી. ઉપાસના માટે ગઢડા મધ્યનું ૧૩મું, ગઢડા મધ્યનું ૫૦મું ને લોયાનું ૧૪મું ને ગઢડા પ્રથમનું ૫૧મું વચનામૃત મૂળ છે. બાકી થોડી થોડી વાતો દરેકમાં છે.

(૪૬) વચનામૃતમાં મહારાજે કહ્યું છે કે, સંતોને શોભારૂપ છે તે ગૃહસ્થને દુઃખરૂપ છે, ને ગૃહસ્થને શોભારૂપ છે તે સંતોને દુઃખરૂપ છે, માટે મહારાજની આજ્ઞા વિરૂદ્ધ હરિભક્તોએ સંતો પાસે આચરણ કરાવવાનો આગ્રહ રાખવો નહિ. તથા મહારાજની આજ્ઞા અને અમારા રીત રિવાજ વિરૂદ્ધ સંતો સાથે હરિભક્તોએ કોઈપણ વસ્તુ-પદાર્થની લેતી દેતી કરવી નહિ.

Scanned by CamScanner

(૪૭) મંડળનાં દરેક સંતો-હરિભક્તોએ શ્રી ઘનશ્યામ માનવ સેવા કમિટી તથા મંડળના દરેક નાના મોટા સંતો સાથે હેત રાખવું. આદરથી માનવા તેમની સાથે જ્ઞાન ગોષ્ઠી કરવી, પણ એકબીજાના અવગુણ-અભાવ, નિંદા, કુથલી આદિની વાતો કરવો નહિ. તથા અંદરોઅંદર વાદ-વિવાદ થાય તેવી વાતો કરવી નહિ.

(૪૮) મંડળનાં નાના-મોટા દરેક હરિભક્તોએ એકબીજામાં મનભેદ થાય, વાદવિવાદ થાય, મંડળમાં વિખવાદ થાય કે પક્ષાપક્ષી થાય તેવી પ્રવૃત્તિ કરવી નહિ. કોઈએ મનમુખી ન થાવું પણ હંમેશા ગુરૂમુખી થાવું.

(૪૯) હરિભક્તોએ સંતોના આસને સંતો જોડે કોઈપણ પ્રકારની વાત ચીત કરવી નહિ. દર્શન કરી ચાલ્યુ જવું. જે સંતનું કોઈ કામકાજ હોય કે સત્સંગ કરવો હોય તો સભામંડપમાં તે સંતને બોલાવી કરવો, કેમ કે સંતોના આસને બીજા સંતો ધ્યાન, ભજન, માળા, વાંચન કરતા હોય તેને તકલીફ પડે, તેનું મન દુભાય, મનમાં મુંઝાય, સ્વભાવનાં ગરીબ સંતો પોતાના ધ્યાન, ભજન, માળા,

Scanned by CamScanner

વાંચન આદિમાં ખલેલ કરનાર મોટા સંતોને તથા એવા સંતો હરિભક્તોને કાંઈ કહી શકે નહીં ને પોતાને અશાંતિ થાય.

(૫૦) શિક્ષાપત્રીમાં મહારાજની આજ્ઞા છે કે જેવા ગુણે કરીને યુક્ત હોય તેને તેવા કાર્યને વિષે પ્રેરવો. તે અમે અમારા ધ્યાનગુરૂ તથા મહારાજની આજ્ઞાથી જેમ જે જેવા કાર્યમાં જે હરિભક્તો યોગ્ય જણાયા તેને રાખ્યા છે માટે દરેક નાના-મોટા હરિભક્તોએ પોતાના સ્વભાવ, પ્રકૃતિને વશ થઈ પોતાને માન-મોટાઈ મેળવવા કે જશ, કીર્તિ વધારવા માટે મંડળમાં સંતો-સંતો વચ્ચે કે હરિભક્તો-હરિભક્તો વચ્ચે કે સંતો હરિભક્તો વચ્ચે મનભેદ, વાદવિવાદ, રાગદ્વેષ, વિખવાદ કરાવવો નહિ. મહારાજે શું કહ્યું છે ? કે નાના-મોટાનો મેળ નથી, સમજણે કરીને તથા મહારાજની તથા ગુરૂની આજ્ઞા પાળવે કરીને મોટાપણું છે. પણ આ લોકનાં રિવાજ પ્રમાણે જેવા ગુણ જેમાં હોય તે કાર્યમાં તેને મોટા પણું આપ્યું હોય માટે હંમેશા દાસભાવ રાખવો.

Scanned by CamScanner

(૫૧) કાયમ મંડળમાં શાંતિ જળવાય તે પ્રમાણે દરેક નાના-મોટા હરિભક્તોએ રહેવું. એકબીજાનો ભાર રાખવો. બરોબરીયાપણું આવવા દેવું નહિ.

(૫૨) અમારી જન્મ તિથી તથા મરણ તિથી નિમિત્તે સમૈયા, ઉત્સવ, કથાવાર્તા આદિ કરવા નહિ. હરિભક્તોએ પોતાની નિત્ય પૂજામાં અમારો ફોટો રાખવો નહિ તથા હરિભક્તોએ ઘરે સિંહાસનમાં મહારાજ જોડે અમારો ફોટો રાખવો નહીં. કોઈએ અમારું ધ્યાન, ભજન કરવું નહિ. હંમેશા મહારાજને જ આગળ રાખવા.

(૫૩) બીજાના મંડળના હરિભક્તોને આપણા મંડળમાં લેવાનો આગ્રહ રાખવો નહિ. સહેજે એને સારૂ લાગે ને આવે તે ઠીક છે. હરિભક્તો વધારવા ખોટી રીતે બીજા મંડળો સાથે ખેંચતાણ કરવી નહિ.

(૫૪) દરેક ગામે ગામે શ્રી ઘનશ્યામ મહારાજ સેવક મંડળમાં જોડાયેલા હરિભક્તોએ મંડળમાં હરિભક્તો વચ્ચે મનભેદ, અવગુણ-અભાવ, વેરઝેર કે વિખવાદ ઉભા થાય તેવી પ્રવૃત્તિ ક્યારેય કરવી નહીં તથા બીજા પાસે કરાવવી નહી.

Scanned by CamScanner

(૫૫) દરેક હરિભક્તોએ મંડળના પ્રમુખ કે આગેવાન હરિભક્તો કહે તે પ્રમાણે સત્સંગનો લાભ લેવો પણ ખોટા વિવાદ કરવા નહી તથા મંડળના ભાગલા પાડવા નહી.

(૫૬) દરેક હરિભક્તે મંડળમાં એક બીજા હરિભક્તોનો મહિમા સમજવો એકબીજાનો ભાર રાખવો.

(૫૭) બહેનો ભાઈઓની મર્યાદા આપણી રીત પ્રમાણે કાયમ જળવાઈ રહે તે રીતે મંડળમાં સત્સંગ આદિનો લાભ લેવો. બહેનોના મુખે ગવાયેલ કિર્તન-કથા પુરૂષોએ સાંભળવા નહીં.

(૫૮) મંડળનાં હરિભક્તોએ મંડળથી દૂર કરાયેલ/થયેલ સંતો તથા હરિભક્તો સાથે કોઈપણ પ્રકારનો સંબંધ રાખવો નહિ.

(૫૯) દરેક હરિભક્તોએ સવારે ૯.૦૦ વાગ્યા પહેલા અને રાત્રે ૯.૦૦ વાગ્યા પછી અને બપોરે ત્રણ કલાક (૧.૦૦ થી ૪.૦૦) દરમિયાન સંતોને ફોન કરવો નહિ. કોઈપણ ઈમરજન્સી કેસમાં ના છુટકે ફોન કરવો પડે તો કરી શકાય.

(૬૦) બીજું સર્વ હરિભક્તોએ પોતાનાં આલોકનો વ્યવહાર વ્યાપાર ધંધો, નોકરી આદિ મહારાજની આજ્ઞા પ્રમાણે

Scanned by CamScanner

નીતિથી જ કરવા, પણ છેતરપીંડી, ચોરી, વિશ્વાસઘાત, કપટ કરવું, ખોટું બોલવું આદિ જેટલું મહારાજની આજ્ઞા વિરૂદ્ધ કરે છે તેને જરૂર વિઘ્ન આવે છે.

(૬૧) શ્રી ઘ.મ.સે.મં. રૂપી બગીચામાં મહારાજ અને અમારા ધ્યાનગુરૂની આજ્ઞાથી સારા સારા મુમુક્ષુરૂપી બીજમાંથી ફળફુલ આપે તેવા વૃક્ષો તથા છોડવા તૈયાર કર્યા. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત મહારાજની નિષ્કામ ભક્તિ તે રૂપી શસ્ત્રો અમે સદાય જીવનભર સાથે રાખ્યા ને તે શસ્ત્રો વડે અનેકનાં જીવમાંથી માયાનાં કાંટા કાઢી નાખ્યા. હવે માયાનાં કાંટાએ રહિત મહારાજનું ધ્યાન, ભજન, કથાવાર્તા, સેવા, સમૈયા, ઉત્સવ આદિ મહારાજની નાની મોટી આજ્ઞા તથા ગુરૂની આજ્ઞામાં રહી સર્વે સાથે મળી કરી શકો તેના રક્ષણ માટે અમારા ધ્યાનગુરૂને મહારાજની આજ્ઞાથી આ નિયમને મર્યાદારૂપી વાડ કરી છે.

(૬૨) અમારા ગુરૂ કહેતા છુટી છુટી લાકડી એકમેક થઈ ભારામાં બંધાયેલ રહે તો કોઈ ભાંગી શકે નહીં. પણ કોઈ પોતાના સ્વાર્થને ખાતર છૂટા પાડી દે પછી તેને

Scanned by CamScanner

કોઈપણ ભાંગી નાંખે છે, માટે સદાય સંપીને એકબીજા હળીમળીને રહેવું.

(૬૩) બીજુ ગોપાળાનંદ સ્વામીની વાતોમાં લખેલ છે કે મોટા પુરૂષને વિષે સદાય દિવ્યભાવને નિર્દોષ બુદ્ધિ કયારે થઈ કહેવાય કે તેની દરેક ક્રિયા જીવનાં કલ્યાણને અર્થે જ છે. એમ સદાય પોતાની બુદ્ધિમાં વર્તે ત્યારે મોટા પુરૂષને વિષે પોતાને અખંડ દિવ્યભાવ ને નિર્દોષ બુદ્ધિ છે એમ સમજવું. માટે આ કાગળ બાબતમાં કોઈએ ખોટા સંકલ્પ કરી પાપના પોટલા બાંધવા નહીં.

મારા વહાલા સર્વે ભક્તો, આમાં અમારે કોઈ સ્વાર્થ નથી તમે સર્વે સંતો હરિભક્તો મહારાજની આજ્ઞા તથા મોટા સંતોની મરજી પ્રમાણે જીવન જીવ્યા છો અને મહારાજને તથા મોટા સંતોને રાજી કરી પોતાનું પરલોકનું ભાથું બાંધ્યુ છે. તે સર્વે એક રૂચીવાળા ભેગા મળી મહારાજનું ધ્યાન-ભજન કથા-વાર્તા, સમૈયા ઉત્સવ સેવા આદિ દેહ પર્યન્ત સુખેથી કરી શકો, ને દેહ છતાં દુઃખી નહી ને દેહને અંતે તેજ અપાર, એટલો જ અમારો સ્વાર્થ છે.

Scanned by CamScanner

હું તો એક નાનો સાધુ છું, તે મહારાજ તથા મારા ધ્યાનગુરૂ એ જેવું સુઝાડ્યું તેવું લખ્યું પણ ઘનશ્યામ મહારાજે વચનામૃત સત્સંગિજીવન આદિ ગ્રંથમાં જેવી રીતે સંતો-હરિભક્તોને વર્તવાનું કહ્યું છે તથા સત્સંગની રીત તથા પ્રણાલિકા બાંધી છે, તથા ગોપાળાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી, નિષ્કુળાનંદસ્વામી આદિ મોટા નંદ સંતોએ જેવી રીતે સંતો, હરિભક્તોને વર્તવાનું કહ્યું છે તથા સત્સંગની રીત તથા પ્રણાલિકા બાંધી છે તથા મોટા નંદ સંતો તથા હરિભક્તોનાં ગુણોને પામેલા એવા સંતો તથા હરિભક્તોએ જેવી રીતે સત્સંગની રીત તથા પ્રણાલિકા તથા ઘનશ્યામ મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તવાનું કહ્યું છે તેમ દરેક નાના મોટા હરિભક્તએ અવશ્ય વર્તવાની કાળજી રાખવી.

બસ એજ... કણભાથી લિ. ધ્યાનીસ્વામી હરિસ્વરૂપદાસજીના ઘણા જ હેતથી આશીર્વાદ સહ જય શ્રી સ્વામિનારાયણ વાંચશો ને આ પત્રમાં કહ્યું તેમ વર્તશો તો આ લોકમાં સુખીયા અને પરલોકમાં મહાસુખીયા થશો.

- જય શ્રી સ્વામિનારાયણ

Scanned by CamScanner

શ્રી હરિકૃષ્ણ મહારાજ, વડતાલ

Scanned by CamScanner

- આઠે પહોર આનંદમાં રહી ભગવાનનું ભજન કરવું.
- સંતો હરિભક્તો આદિ કોઈનો ક્યારેય પણ અવગુણ ન લેવો.
- આત્યંતિક કલ્યાણના હેતુરૂપ આવો મનુષ્ય દેહ પામીને ભગવાન ભજી લેવા.
- સત્પુરૂષનો સમાગમ કરી આપણી અનાદિકાળની જે કસરો છે તે ટાળીને આપણા જીવનું કલ્યાણ કરી લેવું.
- પોતાને જે સ્વરૂપ મળ્યું હોય તેને વિષે જ પતિવ્રતાના જેવી ટેક રાખવી.
- સાચુ સગપણ એક ભગવાનનું જ છે.
- ફૂલે કરીને તિલ વસાય છે. તેમ આપણે ભગવાનની લીલામાં મન પરોવી દેવું.
- આ શરીર ક્ષણભંગુર છે પણ હાલમાં શરીર સારું છે માટે ભગવાનનું ભજન વિશેષ કરવું.

-પ.પૂ.સ.ગુ.ધ્યાનીસ્વામી હરિસ્વરૂપદાસજી

Scanned by CamScanner